
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




# શહેરના જ માર્ગ આસપાસ ગુલમહોર અને બોગનવેલના ફુલો ખિલશે

## વી વી આઈ પી મહાનુભાવોની અવરજવરથી ઘેરાયેલા આ માર્ગની આસપાસનો નઝારો બદલાશે

ગાંધીનગર, તા. ૨

શહેરના જ માર્ગ પર વી વી આઇ પી મહાનુભાવોની વિશેષ અવરજવર રહે છે. જયારે આ માર્ગ પર આસપાસના વિસ્તારની રોનક નિખારવા માટે ગુલમહોર તેમજ બોગનવેલના રોપાઓની વાવણી કરી સુંદરતા નિખારવામાં આવશે. જેથી માર્ગની આજુબાજુના વિસ્તારમાં રંગબેરંગી ફુલોનો નઝારો જોવા મળશે.

શહેરમાં મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં આગામી ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવશે. શહેરમાં ખુલ્લી જગ્યામાં વનતંત્ર દ્વારા નવા રોપાઓના વાવેતર માટે આયોજન કરાયુ છે. જયારે વન આરક્ષિત જગ્યાને યોગ્ય કરવા તેમજ હરિયાળા વૃક્ષોની જાળવણી માટે પણ આ વિસ્તારમાં ફેન્સીંગ પણ કરવામાં આવી છે બીજીતરફ હજુ આ ઠેકાણે હરિયાળી લોન તેમજ રંગબેરંગી ફુલો નિખરે તે માટે પણ આયોજન કરાયુ છે. શહેરના અન્ય માર્ગો આસપાસના વિસ્તારને પણ ફેન્સીંગ હેઠળ આવરી લેવામાં આવશે. જયારે શહેરમં વી આઇ પી મહાનુભાવોની અવરજવરથી ઘેરાયેલા રહેતા જ માર્ગને પણ વનતંત્ર દ્વારા વિશેષ સુશોભિત કરવા માટે આયોજન કરાયુ છે. આ દરમિયાન આગામી દિવસોમાં જ માર્ગની આસપાસના વિસ્તારને વધુ નયનરમ્ય અને કલરફુલ બનાવવા માટે ગુલમહોર તેમજ ગરમાળાના રોપાઓની વાવણી કરવામાં આવશે. જેના અંતે જ માર્ગ પર પીળા અને કેસરી રંગના ફુલોથી સુશોભિત વૃક્ષોનો નઝારો આકર્ષણનુ કેન્દ્ર બનશે. શહેરના જ માર્ગ પર આસપાસના વિસ્તારમાં બોગનવેલના ફુલો પણ નિખરશે. વી વી આઇ પી મહાનુભાવોની અવરજવરને ધ્યાને લઈ આસપાસના વિસ્તારની રોનક નિખારવા માટે પણ સુંદરતા વધે તેવા રોપાઓની વાવણી કરાશે.

# માણસાના માણેકપુર ખાતે લોક ડાયરો યોજાયો






ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં માણેકપુર ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી વનરાજ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથિ વિશેષપદે ગુજરાત રાજય હાથશાળ અનો હસ્તકલા નિગમના ચેરમેન શંકરભાઈ દલવાડી ઉપસ્થિત રહ્યા હતા. લોક ડાયરામાં લોકગાયક રાજતરંગ રાજુભાઈ શ્રીમાળી, આકાશવાણી રેડિયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ અને ગાયિકા સુલોચના વ્યાસ સહિતના કલાકારોએ લોકસંગીતની રમઝટ જમાવી હતી. આ ઉપરાંત જાણીતા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાએ રમૂજની છોળો ઉડાડી હતી. લોકડાયરાની માણેકપુરના સરપંચ જયોત્સનાબેન ચૌધરી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ મોજ માણી હતી.

# ગાંધીનગર ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર ક્રાંતિ સેનાની બેઠક યોજાઈ



ગુજરાત ક્ષત્રિય ઠાકોર ક્રાંતિ સેના દ્વારા ગાંધીનગર જિલ્લાની ટીમ નિયુકિત અંગે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજમાં શિક્ષણ, સમજણ, કુરિવાજ નાબુદી, બાળલગ્ન અટકાયત, સમાજમાં ક્રાંતિકારી નિર્ણયોની શરૂઆત જેવી બાબતો વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જિલ્લામાંથી મોટી સંખ્યામાં ઠાકોર સમાજના સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વા-વંટોળ સાથે ગરમીનો પ્રકોપ પણ વધશે : અંબાલાલ પટેલ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યુ હતુ કે ગુજરાતના ભાગોમાં હાલમાં ગરમી પડી રહી છે. ગુજરાતમાં જૂન તા. ૩ થી ૭માં આંધી વંટોળનું પ્રમાણ વધે અને કોઈ કોઈ ભાગમાં રોહિણી નક્ષત્રનો વરસાદ થાય. આ અરસામાં ઉત્તર ભારતના રાજયોમાં વરસાદ થવાની શક્યતા રહેતા ગરમીનું પ્રમાણ ઘટે ગરમી અંગે વધુમાં જોઈએ તો સિંધ-રાજસ્થાનના ભાગોમાં સખ્ત ગરમી રહે. મહત્તમ ઉષ્ણતામાનનો પારો ૪૮ ડિગ્રી સેલ્સીયસને પાર કરી જાય. મહારાષ્ટ્રના વિદર્ભના ભાગોમાં પણ સખત ગરમી પડે. દિલ્હી, પંજાબ અને હરીયાણાના ભાગોમાં વરસાદ થવાની શક્યતા રહેતા ઉપર્યુક્ત ભાગોમાં થોડી ગરમી ઘટે.

કેરળ કાંઠે ચોમાસુ વરસાદી ઝાપટાં, જૂન તા. ૩ સુધીમાં પડે અને નિયમિત ચોમાસુ કેરળમાં ૮મી જૂન આસપાસ બેસી જાય. આ અરસામાં ભારતના દક્ષિણ છેડે ભારે વરસાદ થવાની શક્યતા પણ રહે. ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં જૂનના છેલ્લા સપ્તાહમાં વરસાદ પડી શકે. જયારે કોરમાણના વાદળો હજુ ન જણાતા નિયમિત ચોમાસાની હજુ વાર છે. નિયમિત ચોમાસુ જૂનના અંતમાં અને જુલાઈની શરૂઆતમાં આવવાની સંભાવના રહે. મુંબઈ, મહારાષ્ટ્રના ભાગોમાં નિયમિત ચોમાસુ ૧૫ થી ૨૦ તારીખ સુધીમાં આવી શકે. જૂન તા. ૮ થી અરબી સમુદ્રમાં હળવુ ચક્રવાત સર્જાવાની સંભાવના હોય. જો આ ચક્રવાત ઓમાન તરફ ફંટાઈ જઈ અને દબાણ સમુદ્રમાં નબળુ પડી જાય તો ચોમાસુ સારૂ આવે. ૮મી જૂનથી ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના ભાગોમાં પવન આંચકાનો થાય અને દરીયાકિનારે પવનની ગતિ વધે. ગુજરાતમાં પણ ૩ થી ૮ તારીખના અરસામાં ગરમીમાં વધઘટ જણાય. હજુ ગરમીમાં થોડેઘણે અંશે પવનનું જોર રહેતાં રાહત રહે. હજુ વનસ્પતિના વૃદ્ધિના લક્ષણો જોતાં જળચર પ્રાણીઓની ગતિવિધી ન દેખાતાં પક્ષીઓની હલચલ પણ ચોમાસુ પોષક જણાતી નથી પરંતુ હવે ધીરે ધીરે ભેજનું પ્રમાણ વધે અને ચોમાસુ આવી શકે. ચોમાસુ સારૂ જવાની ધારણા રહે. આ વખતે રોહિણી નક્ષત્રમાં તાપ પડેલ છે અને રોહિણી બેસતાં વરસાદ થયેલ નથી જે ચિન્હો ચોમાસા માટે સારા કહેવાય. રોહિણી ઉતરતાં જૂન તા. ૭ સુધીમાં રાજયના કેટલાક ભાગોમાં આંધી વંટોળ સાથે વરસાદની શક્યતા છે જે સારા ચોમાસાના ચિન્હો ગણાય.

# સિનિયર સિટીઝન કાઉન્સિલની વાર્ષિક સભા યોજાઈ





ગાંધીનગર, તા.૨

સિનિયર સિટીઝન કાઉન્સિલની વાર્ષિક બેઠક યોજાઈ હતી. જેમાં સંસ્થાના સભ્યો દ્વારા વિવિધ ઠરાવો સર્વાનુમતે મંજુર કરાયા હતા. તથા સંસ્થાનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૧૯-૨૧ માટેના કારોબારી સભ્યોની વરણી અંગેની જાહેરાત કરવામાં આવી હતી.

હાલમાં જ ગાંધીનગર સિસિકાની બેઠક યોજાઈ હતી. જેમાં પ્રમુખ હસમુખભાઈ શાહ તથા મંત્રી બી.ડી. શાહએ સભાનું ઉદબોધન કરી વર્ષ દરમિયાન સંસ્થાની કાર્યવાહી અંગે ઉપસ્થિત સૌને માહિતગાર કરાયા હતા. કોષાધ્યક્ષ હરજીવનભાઈ પંચાલ દ્વારા વર્ષ દરમિયાનના હિસાબો રજૂ કરી સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા અને જરુરી ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા હતા તથા મેનેજીંગ ટ્રસ્ટી એમ.એમ. શાહ દ્વારા સંસ્થાની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટેનું આશરે ૧૫ લાખનું અંદાજપત્ર રજુ કરવામાં આવ્યું હતું. જેને સભામાં જ મંજુરી પણ મળી ગઈ હતી. આ ઉપરાંત વર્ષ ૨૦૧૯-૨૧ માટેના કારોબારી અને ટ્રસ્ટી મંડળના સભ્યોની વરણીની ચૂંટણી અધિકારી નટુભાઈ ગજ્જર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી એમ.એમ. શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર ખાતે ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટીની રાજ્યના અગ્રણીઓની એક બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં આગામી સમયમાં ખાદ્ય ખોરાક અંગે જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો સહિતની રૂપરેખા ઘડી કાઢવામાં આવી હતી. આ બેઠકમાં વેલ્ફેર કમિટીના રાજ્ય પ્રમુખ અશ્વિન ત્રિવેદી, મહામંત્રી સુધીર મોરે તથા દિપક વ્યાસ સહિતના અગ્રણી હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા.

# હવાઈ મુસાફરી માટે સરકારે નિયમ બદલ્યો, ટ્રાવેલ એજન્ટે આપેલા નહીં, એરલાઈન્સના દરો મંજૂર થશે




સરકારી યોજનાનો લાભ લઈને હવાઈ મુસાફરી કરવી હોય તો હવે ચેતી જશો, કારણ કે સરકારે હવાઈ મુસાફરીના દરો ગ્રાહ્ય રાખવાનો નિયમ બદલ્યો છે. કોઈપણ અધિકારી કે કર્મચારી ખોટા બીલો રજૂ કરીને દાવા મંજૂર કરાવી શકશે નહીં. ગુજરાત સરકારના અધિકારીઓ કે કર્મચારીઓ કે જેઓ રજા પ્રવાસ રાહત અને વતન પ્રવાસ રાહત યોજનાનો લાભ લેતા હશે અને હવાઈ ઉડ્ડયન કરતા હશે તેમના ટ્રાવેલ એજન્સીઓના બીલો પ્રમાણેના દાવા મંજૂર કરવામાં આવશે નહી, કારણ કે નાણા વિભાગના ધ્યાનમાં આવ્યું છે કે રજૂ કરવામાં આવેલી હવાઈ મુસાફરીની ટીકીટના દર ટ્રાવેલ એજન્ટ દ્વારા અલગ આપવામાં આવે છે અને ઈ-ટીકીટમાં દર્શાવેલા દર અલગ હોય છે. આ તફાવતના કારણે સરકાર પર આર્થિક બોજ વધે છે તેથી સરકારે એરલાઈન્સના બુકીંગ કાઉન્ટર કે એરલાઈન્સની વેબસાઈટ પરથી

### મોદીનું મિશન ગંગા છે તેમ રૂપાણીનું મિશન સાબરમતી... નદી શુદ્ધ હશે તો લોકોના વિચારો શુદ્ધ બનશે

### ગુજરાતમાં કોંગ્રેસને કાર્યકરોની જરૂર છે, ચૂંટણી જીતવા ચાર ઝોનમાં ચાર વર્કિંગ પ્રેસિડેન્ટ પણ જોઇશે

ઈસ્યુ થતી ટીકીટના દર મુજબ ભાડું ગણતરીમાં લેવામાં આવશે. એ સાથે એરલાઈન્સની સાઈટ પર દર્શાવેલા ભાડાં ઉપરાંત પ્રત્યેક ટીકીટ દીઠ બુકીંગ ચાર્જ વધુમાં વધુ ૨૦૦ રૂપિયા અથવા ટ્રાવેલ એજન્સીનો બુકીંગ ચાર્જ એમ બે પૈકી જે ઓછું હશે તે મંજૂર કરી શકાશે. નાણા વિભાગે તેના તમામ વિભાગોના અધિકારીઓ તેમજ કર્મચારીઓને ચેતવણી આપી છે કે હવાઈ મુસાફરીના દાવાની આકારણી બાબતે ખોટા દાવા રજૂ કરનારના કિસ્સામાં કાર્યવાહી કરવામાં આવશે. નાણા વિભાગને શંકા છે કે ટ્રાવેલ એજન્ટો હકીકતમાં એરલાઈન્સ કરતાં વધુ ભાડું વસૂલ કરતા હોય છે તેથી સરકાર પર વધારાનો નાણાકીય બોજ પડે છે તેથી એરલાઈન્સની બુકીંગ ટીકીટના દર માન્ય રાખવામાં આવ્યા છે.

**મોદી સરકારમાં ગુજરાતનું વજન વધશે...**

કેન્દ્રની મોદી સરકારમાં ગુજરાતનું વજન વધી રહ્યું છે. દિલ્હીમાં રાજકીય રીતે ગુજરાત સ્ટ્રોંગ બન્યું છે તેની સાથે સાથે બ્યુરોક્રેસીમાં પણ ગુજરાત છવાયેલું છે. મોદી કેબિનેટમાં અમિત શાહને ગૃહ મંત્રાલય આપવામાં આવ્યું છે. પરસોત્તમ રૂપાલાને એગ્રીકલ્ચર અને ફાર્મર વેલ્ફેર મંત્રાલય સુપરત કરવામાં આવ્યું છે જ્યારે મનસુખ માંડવિયાને શિપીંગ મિનિસ્ટ્રી અને કેમિકલ-ફર્ટિલાઈઝર્સ મંત્રાલયની મહત્વની જવાબદારી આપવામાં આવી છે. પાર્ટીના સૂત્રો કહે છે કે જુલાઈમાં કેન્દ્રનું સામાન્ય અંદાજપત્ર સત્ર શરૂ થવાનું છે. આ સત્ર પછી મોદી મંત્રીમંડળના વિસ્તરણની શક્યતાઓ છે. આ વિસ્તરણમાં ગુજરાતના વધુ બે સાંસદોને કેબિનેટમાં સમાવવામાં આવે તેવી સંભાવના છે. બીજી તરફ બ્યુરોક્રેસીમાં વધુ ગુજરાતી ઓફિસરોને ડેપ્યુટેશન પર લેવા માટે મોદી સરકાર તૈયાર છે. બહુ લાંબા સમયથી સચિવાલયમાં એવી ચર્ચા ચાલતી હતી કે લોકસભાની ચૂંટણી પછી મુખ્યમંત્રીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાસનાથન મોદી ટીમમાં સામેલ થવાના છે. હવે તેનો સમય આવ્યો છે. સૂત્રો કહે છે કે કૈલાસનાથનને પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ અથવા દિલ્હીમાં કોઈ મહત્વના સ્થાને નિયુક્ત કરાશે. લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાતની બ્યુરોક્રેસીમાંથી અડધો ડઝન અધિકારીઓ ડેપ્યુટેશન પર જવા તૈયાર થયા હતા પરંતુ હજી સુધી તેમની ફાઈલ ક્લિયર થઈ નથી.

**મિશન ગંગાની જેમ મિશન સાબરમતી...**

ગુજરાતીમાં કહેવત છે કે જેવું પાણી એવું આચરણ... શુદ્ધ પાણી પીવા મળે તો વિચારો પણ શુદ્ધ બને છે. ઋષિમુનિઓ પવિત્ર નદીઓનું પાણી પીતા હતા તેથી તેમના આચાર-વિચારો શુદ્ધ હતા. દૂષિત પાણી અને પ્રદૂષિત ખોરાક ખાઈને આપણા વિચારો પણ અપવિત્ર બની ચૂક્યા છે. નરેન્દ્ર મોદીએ દિલ્હી જઈને પહેલું કામ મિશન ગંગા હાથ પર લીધું હતું. મોદી સરકારે ગંગા શુદ્ધિકરણનો યજ્ઞ શરૂ કર્યો હતો તેમ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ મિશન સાબરમતી લઈને આવ્યા છે. સાબરમતીને શુદ્ધ કરવા માટે સરકારે વાસણા બેરેજમાં ભરાયેલા પાણીને ડાઉનસ્ટ્રીમમાં નાંખવાની કામગીરી શરૂ કરી છે. ગટરના પાણી ડાયવર્ટ કરાશે. સાબરમતીમાંથી ૨૫૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. જલવિહાર એસપીટી પ્લાન્ટમાંથી ૬૦ એમએલડી ટ્રીટેડ પાણી નદીમાં છોડાય છે. સરકારે ૩૫૦ કરોડના ખર્ચે છ જેટલા નવા એસટીપી પ્લાન્ટ બનાવવાની કામગીરી પણ શરૂ કરી છે જેમાંથી ૩૨૫ એમએલડી ટ્રીટેડ પાણી નદીમાં છોડાશે. આ સાથે નદીના ગંદા પાણી અને કચરાના નિકાલની કાર્યવાહી ચાલી રહી છે. સાબરમતી નદીનું ઉદ્દગમ સ્થાન ઉદયપુર જિલ્લામાં અરવલ્લી પર્વતમાળામાં છે. શરૂઆતના ભાગમાં તેનું નામ વાકળ છે. નદીનો



મોટો ભાગ ગુજરાતમાંથી વહે છે અને નદી ખંભાતના અખાતમાં પૂર્ણ થાય છે. આ નદીની કુલ લંબાઈ ૩૭૧ કિલોમીટર છે. આ નદીના પ્રવાહને ગુજરાતના નદીકાંઠાના વિસ્તારોમાં યુદ્ધના ધોરણે શુદ્ધ કરવામાં આવે તો પણ પાંચ વર્ષ નિકળી જાય તેમ છે, જો કે સરકારની એક સારી શરૂઆત છે. સરકારે સાબરમતી નદીના શુદ્ધિકરણ માટે લોકોનો સહયોગ પણ માગ્યો છે.

**રાજ્યસભાની બે બેઠકો-- ભાજપની નજરમાં કોંગ્રેસ...**

ગુજરાતમાં ફરી એકવાર રાજ્યસભાનો ચૂંઠણી જંગ આવી રહ્યો છે. અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીએ રાજ્યસભાની બેઠકો પરથી રાજીનામું આપી દેતાં ગુજરાતમાં એક-બે મહિનામાં રાજ્યસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ભાજપના નેતાઓને અલ્પેશ ઠાકોર યાદ આવ્યા છે. આ અલ્પેશ ઠાકોરનો લોકસભામાં ભાજપે ઉપયોગ કર્યો હતો અને હવે રાજ્યસભામાં તેનો ઉપયોગ કરાય તેવી સંભાવના છે. અલ્પેશના સાથીદારો કે જેઓ કોંગ્રેસમાં તેમને ભાજપમાં જોડાવા માટે અલ્પેશ ઠાકોરને ટારગેટ આપવામાં આવી શકે છે. કોંગ્રેસની ટીકીટ પર ચૂંટાયેલા અલ્પેશ ઠાકોરે લોકસભા ચૂંટણી સમયે જ કોંગ્રેસમાં બળવો કર્યો હતો. તેના બે સાથીદારો ધવલસિંહ ઝાલા અને ભરત ઠાકોરને પણ અલ્પેશે કોંગ્રેસ વિરોધી પ્રવૃત્તિ કરવા માટે પ્રેરિત કર્યા હતા. વિધાનસભાની ચૂંટણી પહેલાં જ્યારે ગુજરાતમાં રાજ્યસભાની ત્રણ બેઠકો ખાલી પડી ત્યારે કોંગ્રેસને એકમાત્ર બેઠક મળી હતી જેમાં અહમદ પટેલની ફરીથી ઉમેદવારી કરાવવામાં આવી હતી. આ સમયે કોંગ્રેસના સિનિયર નેતા શંકરસિંહ વાઘેલા સાથે મંત્રણા કરીને ભાજપના નેતાઓએ કોંગ્રેસના ૧૧ ધારાસભ્યોને રાજીનામાં અપાવ્યા હતા. હવે રાજ્યસભાની બે બેઠકો ખાલી થઈ રહી છે ત્યારે સંખ્યાબળની દ્રષ્ટીએ કોંગ્રેસને એક બેઠક મળે છે પરંતુ ભાજપને તે મંજૂર નથી. કોંગ્રેસમાંથી જો ૨૦ ધારાસભ્યો અલગ થાય અથવા તેટલા ધારાસભ્યો ક્રોસ વોટીંગ કરે તો ભાજપ તેના બીજા ઉમેદવારને જીતાડી શકે છે. લાગે છે કે હવે ગુજરાતમાં ભાજપનું ઓપરેશન-૨ શરૂ થવાની તૈયારીમાં છે.

**ગુજરાતમાં કોંગ્રેસ ચાર પ્રદેશ પ્રમુખ આપે...**

ગુજરાતમાં કોંગ્રેસનો જનાધાર ઘટી રહ્યો છે ત્યારે પ્રદેશ માળખાને વધારે શક્તિશાળી બનાવવા માટે કોંગ્રેસને રાજ્યના ચાર ઝોન પ્રમાણે ચાર પ્રદેશ પ્રમુખ આપવાની થિયરી કોંગ્રેસના એક પૂર્વ સિનિયર નેતાએ દર્શાવી છે. સુરતના પૂર્વ ધારાસભ્ય ધીરૂ ગજેરાએ સૂચન કર્યું છે કે કોંગ્રેસને ગુજરાતમાં એક નહીં ચાર પ્રદેશ પ્રમુખ બનાવવા જોઈએ કે જેથી આગામી વિધાનસભા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં જનાધાર મેળવી શકે. પ્રત્યેક ચૂંટણીમાં કોંગ્રેસના સ્થાનિક નેતાઓ

### ફરીવાર દિલ્હીમાં ગુજરાતનો દબદબો, રાજકીય સાથે બ્યુરોક્રેસીના વિસ્તારનો ગુજરાતીઓને લાભ મળશે

દ્વારા મને હરાવવાની પ્રવૃત્તિ થતી હતી. મેં હાઈકમાન્ડનું પણ ધ્યાન દોર્યું હતું પરંતુ કોઈ પગલાં લેવામાં નહીં આવતા છેવટે મેં પાર્ટી છોડી દીધી છે. તેમણે કહ્યું હતું કે-- ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ એમ ચાર વર્કિંગ પ્રેસિડેન્ટ કોંગ્રેસમાં હોવા જોઈએ. ધીરૂ ગજેરાએ કહ્યું હતું કે ગુજરાત કોંગ્રેસના માળખામાં ધરમૂળથી પરિવર્તન કરવામાં નહીં આવે તો ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને ફરી એકવાર મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે. કોંગ્રેસ માટે મહત્વના બે કામો છે જે પૈકી પહેલા કામોમાં પાર્ટીના કાર્યકરોનો ઉત્સાહ વધારીને વધુ ને વધુ કાર્યકરો કોંગ્રેસમાં જોડાય તે માટેના પ્રયાસો કરવા પડશે. બીજું કામ પાર્ટીના પ્રદેશ નેતાઓએ તેમના ધારાસભ્યો અને સ્થાનિક ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યોને સાચવવાના છે, કેમ કે જો તેઓ ભાજપમાં જતા રહેશે તો ભાજપ મજબૂત થશે અને કોંગ્રેસ સાફ થતી જશે.

**વહીવટી તંત્રમાં ફેરફારો આવી રહ્યાં છે...**

ગુજરાત વિધાનસભાનું સામાન્ય બજેટ સત્ર યોજાય તે પૂર્વે રાજ્યના વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારો થાય તેવી સંભાવના છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી જિલ્લા કક્ષાના અધિકારીઓની સાથે સાથે સચિવાલયના વિભાગો તેમજ બોર્ડ-કોર્પોરેશનમાં પરિવર્તન કરવા ઉત્સૂક છે. સચિવાલયના સૂત્રોએ કહ્યું હતું કે વિભાગોમાં સિનિયર અધિકારીઓની બદલીઓ, જિલ્લા કક્ષાએ કલેક્ટર તેમજ જિલ્લા વિકાસ અધિકારી અને પોલીસમાં એસપી કક્ષાના અધિકારીઓની બદલી થઈ શકે છે. મુખ્યમંત્રીની વહીવટી તંત્રમાં ફેરફાર કરવો હોય તો જૂન મહિનામાં કરવો પડે, કેમ કે આ મહિનામાં અધિકારીઓના બાળકોના શૈક્ષણિક વર્ષની શરૂઆત થતી હોય છે. બદલીઓ પછી સરકારના ઉપ મુખ્યમંત્રી અને નાણામંત્રી નિતીન પટેલ સરકારનું સંપૂર્ણ બજેટ રજૂ કરશે. લોકસભાની ચૂંટણી પહેલાં તેમણે ચાર મહિના માટેનું લેખાનુદાન રજૂ કર્યું હતું, હવે આઠ મહિનાના ખર્ચ માટે સંપૂર્ણ બજેટ રજૂ થશે. રાજ્યના નાણા વિભાગે તમામ વિભાગોને બજેટની તૈયારી કરવાની સૂચના આપ્યા પછી હવે જૂન મહિનાની શરૂઆતમાં બજેટની કામગીરી પૂર્ણ કરવાની રહે છે. વહીવટી તંત્ર સાથે રાજ્યના મહાનગરોમાં કેટલાક મ્યુનિસિપલ કમિશનરો અને શહેર પોલીસ કમિશનરોની બદલીઓ થવાની શક્યતા નકારી શકાતી નથી.